**મારા અવલોકન પ્રમાણે મારા શબ્દોમાં....**

રાખોડી ચિલોત્રાની પ્રજનન યાત્રા

## <u>સ્વભાવ</u>

- રાખોડી ચિલોત્રા આમ તો શરમાળ પક્ષીની ગણતરીમાં આવે છે પણ તે ખૂબ જ બુધ્ધિમાન અને માદા પક્ષી પ્રત્યે વફાદાર પક્ષી તરીકે મેં જોયો છે.
- નર–માદા હમેશા સાથે જ જોવા મળે છે અને કદાચ બે માંથી કોઈ એક દૂર જાય તો અવાજ કરીને બીજા ના નજીક જતા રહે છે.
- નર પક્ષી માદાને ખોરાક ખવડાવવામાં ખૂબ જ પ્રેમ દર્શાવે છે અને માદાની ઈચ્છા ના હોય તો પણ પોતાની ચોંચમાં લાવેલ ખોરાક જબરજસ્તી માદાને ખવડાવે છે.
- જયારે એક ઝાડ પર ઉડીને બીજા ઝાડ ઉપર જવાનું થાય ત્યારે એ લોકો બન્ને એક સાથે નથી ઉડતા પહેલા એક ઉડે છે અને ના પછી બીજો ઉડીને એક જ ઝાડ ઉપર બેસે છે.
- ખૂબ લાંબી ઉડાન નથી ભરતા એક ઝાડથી બીજા નજીકના ઝાડ ઉપર અને પછી નજીકના બીજા ઝાડ ઉપર આમ ટૂકડે–ટૂકડે ઉડીને જાય છે.
- પાંખો એક વાર ફડફડાત કરીને આકાશમાં તરે છે તે માફક ઉડે છે.
- નેસ્ટનો સિલેકશન (ચયન) બન્ને મળીને કરે છે અને નેસ્ટની (પ્રિપરેશન) મરમ્મત બન્ને મળીને કરે છે.
- એક જ ડાળી ઉપર બેસીને પોતાની ચાંચ ને સાફ કરતા – પોતાના પાંખો ને સાફ કરતા જોઈ શકાય છે.

<u>**રંગ અને આકાર**</u>

**નર પક્ષી ની ચોંચનો રંગ**

- એની ચોંચ નો અગ્ર ભાગ ઉપર પીળા / અથવા ઓરેંજ જેવો રંગ ઓછો અને કાળો રંગ વધારે હોય છે અને મુખ્ય ચોંચની ઉપર નાની બીજી ચોંચ હોય છે તે તીખી પોઈન્ટ વાળી હોય છે.
- શરીર ઉપર મિશ્રિત રાખોડી–ભૂરો રંગ હોય છે. પાંચો ઉપર ચેકસની પેટર્ન હોય છે. આંખોની પૂતળી લાલ રંગની હોય છે.
- ચોંચની બન્ને બાજુ નાના છીદ્રો (હોલ) હોય છે.
- પૂંછ ઉપર અન્તિમ ભાગ સફેદ હોય છે પૂંછ ઉપર બે ધારીયો હોય જે પૂંછને મજબૂતી આવે છે.
- વગ ઉપર કાળી ચેકસ હોય છે અને પંજાના નખો તિક્ષ્ણ હોય છે જે ડાળી / નેસ્ટ ઉપર બેસવા મજબૂતી આપે છે.

## માદા ગ્રે હોર્નબીલ

- નર કરતા માદા પક્ષીની ચોંચના અગ્ર ભાગ ઉપર પીળા / ઓરેંજ જેવી રંગ વધારે હોય છે અને પાછળના ભાગ ઉપર કાળો રંગ ઓછો હોય છે.
- માદાની ચાંચની ઉપર બીજી નાની ચાંચ હોય છે તે થોડીક ગોળાકાર હોય છે.
- અન્ય રંગ વિગેરે નર જેવો મળતો હોય છે.

## આવાઝ

- નર – માદાનો આવાઝ લગભગ સરખો હોય છે.
- ચીલ વૃક્ષોથી મળતો આવાઝ હોય છે.
- ૧–૧ ૧/૨ કિ.મી. સુધી આવાજ સંભળાય છે.
- માર્ચ/એપ્રિલ માસમાં એમનો આવાજ ખૂબ જ સંભળાય છે કેમ કે એ પ્રજનનના સમયગાળો હોય છે.
- કોઈક વાર તો ખૂબ જ આવાજ આવે છે અને કોઈક વાર નાની–નાની આવાજો પણ કાઢે છે. જેમકે અંદર–અંદર વાતો કરતા હોય તેમ લાગે છે.

## ઉડવાની રીત

- એકવાર ઉડીને પાંખોને ફડ–ફડાવીને પછી પાંખોને સ્થિર કરી દે છે અને આકાશમાં તરે છે તેમ ઉડે છે.
- સળંગ લાંબી ઉડાન ભરતા નથી. ટૂકડે–ટૂકડે વૃક્ષો પર રોકાતા–રોકાતા ઉડે છે.
- ઉડાન માટે રૂટ નકકી હોય એમ મે એ લોકોને ઉડતા જોયા છે અને વૃક્ષો પણ નકકી જ હોય છે.

## વૃક્ષો પર બેસવાની રીત

- જયારે આ ઉડીને કોઈ ડાળી ઉપર બેસે છે ત્યારે તેઓની ગર્દનનો ભાગ નીચે તરફ ઝૂકી જાય છે અને પૂંછનો ભાગ સળંગ હાલતી હોય છે જાણે કે બેલેન્સ બનાવતી હોય તેમ લાગે છે.
- ડાળ ઉપર બેસી ગયા પછી નાટકીય ઢંગથી ગર્દન–મોઢાના ભાગને સ્લો મોશનમાં આજૂ–બાજૂ ફેરીને જુએ છે.
- એક ડાળ ઉપરથી બીજી ડાળ ઉપર કૂદકા–મારીને એક બીજાના નજીક જતા રહે છે.
- કોઈક વાર જ આ પક્ષીને જમીન ઉપર બેસતા જોઈ શકાય છે.
- અમૂક ટાઈમ જમીનથી ૧–૫ ફૂટ ઉપરથી ઉડીને ઉચાં વૃક્ષ ઉપર જતા જોયા છે.
- રોડથી અડીને આવેલ ૧૦–૧૨ ઉચા વૃક્ષો ઉપર પણ આરામ થી બેસતા જોયા છે.

## ચિલોત્રા પક્ષીના માળા

- મોટા જૂના બખોલવાળા ઝાડને આ પક્ષિઓ પોતાના માળાને પસંદ કરતા હોય છે.
- મે જે સેમ્પલનો (Red Silk Cotton) Hindi name - Demul ગુજરાતી નામ Sanar નો વૃક્ષ છે એમાં જે બખોલ છે એ બખોલમાં છેલ્લા ૧૩–૧૪ વર્ષોથી આના ગ્રેહોર્નબીલ પક્ષિયો ને ઉપયોગ કરતા જોઈ રહયો છું.
- વર્ષોથી એક જ બખોલનો ઉપયોગ કરતા એમ લાગે છે કે આ પક્ષિયો પોતે દર વીટી માળો પોતાના એક જ પરિવારના સભ્યોને ઉપયોગ માટે આપતા હોય છે.
- માળાનો ચયન થયા પછી નર–માદા બન્ને માળાનો પ્રવેશ ધ્વાર ને પોળો કરે છે.
- માદા એના અંદર પ્રવેશ કરીને અંદરની સાફ સફાઈ તેમજ એના પ્રવેશ ધ્વારાને અંદરથી પણ વ્યવસ્થિત કરી બહાર આવ–જાવ કરે છે.
- જયારે એક જોડા (નર–માદા) માળા ઉપર કબજો જમાવે છે ત્યારે અન્ય નર–કે, માદાને એ માળા નજીક આવતા–દેતા નથી અને જો કોઈ અન્ય નર–માદા માળા પાસે આવે છે તો કબજા જમાવેલ નર પક્ષી તેને દૂર સુધી ભગાવી આવે છે.
- માદા પક્ષી માળા અંદર બચ્ચા / ઈંડા આપવા જતી રહે છે ત્યારે એના માળાની આસપાસ નર પક્ષી સખત નજર રાખે છે.
- પોતાના લાર–મળથી માદા પક્ષી પ્રવેશ ધ્વારને થોડો ગેવ રાખી બંધ કરી દે છે.

## ખોરાક

- માદા પક્ષી માળામાં હોઈ તેને સતત ખોરાક ખવડાવતો રહે છે.
- ખૂબ જ ઝડપથી એક ફળ, મદમાખી, જીવડા, નાની ગરોડી વિગેરે લાવીને ખોરાક પુરુ પાડે છે.

## મેંટીગ પ્રણયલીલા

નર–માદા પોતાના માળા પાસે પ્રણયલીલા કરે છે મે એક દિવસમાં ત્રણ વાર પ્રણય લીલા કરતા જોયા છે.

## (અન્ય સ્ત્રોતથી મળેલ માહિતી મુજબ)

માદા રાખોડી ચિલોત્રા પોતાના માળા કુલ ....... દિવસ અંદર રહે છે અને ઈંડાઓમાંથી બચ્ચાઓને બહાર આવવા– તેમને પાંખો અને આવે ત્યાં સુધી પોતાને માળામાં જ રાખે છે અને જયારે પોતાને બહાર નિકળવાનું થાય ત્યારે ખૂબ જ દર્દનાક મોટો આવાજ કરે છે અને પ્રવેશ ધ્વારથી બહાર આવે છે અને તેરત જ એના બચ્ચાઓ પણ બહાર આવી જાય છે.

## મારા સવાલો

- આ પક્ષીઓ પોતાની વ્યાસ (પાણી) કઈ રીતે પૂરી કરતા હશે.
- કદાચ ફળ–ફળાદીથી પાણીની તરસ બુઝાવતા હશે.
- રાત્રી રોકાણ માટે નર પક્ષી માદાના નેસ્ટ વાળા વૃક્ષ ઉપર રોકાણ કરે છે કે નહી ?
- મે એક દિવસ સાંજે ૫ કલાકથી રાત્રી ૭.૩૦ અથવા ૮ વાગ્યા સુધી જોયુ તો... છેલ્લીવાર સૂર્યાસ્ત પછી રીટર્ન આવ્યો નથી.
- આ પક્ષીઓ વધારે પીપળ અથવા સેમલ અથવા વડના વૃક્ષો ઉપર બેસવાનું ખૂબ પસંદ કરે છે.
- એક તો આ વૃક્ષો ઉપર ખૂબ ફળ આવે છે અને પોતાની ચાંચમાં વધારે સંખ્યામાં ભરી શકાય છે.

- સેમલ–પીપળ–વડ ના વૃક્ષોની ડાળીઓનુ આકાર, સાઈઝ એ પક્ષીઓ માટે પરફેકટ ગ્રીપ આવે છે અને ખુલ્લી–ખુલ્લી જગ્યા મળે છે.
- જયારે માદા બખોલમાં રહે છે ત્યારે જયારે પણ માદાને નર ખોરાક ખવડાવે છે ત્યારેએ આમળા પીપળ, નીલગીરી, સેમલ વિગેરે વૃક્ષોની છાલ (Berk) નો ટૂકડો એ બખોલમાં અવશ્ય ડાલે છે કેમ ?
- એમ લાગે છે કે આ વૃક્ષો આર્યુવેદીક દવાના ગુણો ધરાવે છે. બખોલમાં આ જીવ–જંતુઓથી અન્ય બિમારીથી દુર રાખતા હશે અથવા એને બારીક પાવડર બનાવીને અન્ય કોઈ ઉપયોગ માદા કરતી રહે.
- એક વૃક્ષ ઉપર પાંચ થી છ બખોલ છે પણ એ પક્ષી વર્ષોથી એક જ બખોલનો ઉપયોગ કરે છે કેમ ?
- અન્ય બખોલનો નિરીક્ષણ તો કર્યુ હતુ વણ ઉપયોગ વાળા બખોલનું જ કર્યુ પારિવારિક સમઝોતા હોઈ શકે છે.